# કોવિડ-19 વેક્સીન્સ વિશે પ્રશ્નો છે?

## આ રહ્યા કેટલાક જવાબો.

Ontario

## કોવિડ-19 શું છે?

કોવિડ-19 એ એક કોરોનાવાયરસ છે જે 2019 ના અંતમાં પ્રથમ વખત ઓળખવામાં આવ્યો હતો. કોરોનાવાયરસ એ વાયરસનું એક વિશાળ કુટુંબ છે જે શ્વાસોચ્છવાસના હળવાથી ગંભીર ચેપનું કારણ બને છે. નોવેલ (નવા) કોરોનાવાયરસમાં કોવિડ-19 નો સમાવેશ થાય છે.

## કોવિડ-19 કેવી રીતે ફેલાય છે?

કોવિડ-19 સામાન્ય રીતે વાયરસથી સંક્રમિત વ્યક્તિના શ્વાસોચ્છવાસનાં ટીપાં દ્વારા ફેલાય છે. આ ખાંસી, છીંક, વાત, શ્વાસ અને ગાવા દ્વારા થઈ શકે છે. કોવિડ-19 એવી સપાટી અથવા વસ્તુને સ્પર્શ કરવાથી પણ ફેલાય છે કે જેના પર વાયરસ હોય અને પછી તમારા મોં, નાક અથવા આંખોને ધોયા વગરના હાથ વડે સ્પર્શ કરવાથી પણ ફેલાય છે. તમે તેનાં તબીબી લક્ષણો  દર્શાવવાનું અથવા વિકસાવવાનું શરૂ કરો તે પહેલાં વાયરસ ફેલાઈ શકે છે.

## કોવિડ-19 વેક્સીન માટે કોણ પાત્ર છે?

પાંચ વર્ષ અને તેથી વધુ વયના ઑન્ટારિયોવાસીઓ કોવિડ-19 વેક્સીનનો પ્રથમ અને બીજો ડોઝ મેળવી શકે છે. 12 વર્ષ અને તેથી વધુ ઉંમરનાઓ માટે બૂસ્ટર ડોઝ પણ ઉપલબ્ધ છે.

ગંભીર બીમારી અને હોસ્પિટલમાં દાખલ થવાના જોખમને આધારે રોગપ્રતિકારક શક્તિમાં સંભવિત ઘટાડો થવાને કારણે અમુક વ્યક્તિઓ વિસ્તૃત પ્રાથમિક શ્રેણી અને કોવિડ-19 વેક્સીનના  બૂસ્ટર ડોઝ(ઓ)ના ભાગ રૂપે ત્રીજો ડોઝ મેળવવા માટે પાત્ર હોય છે અને ભલામણ કરવામાં આવે છે.

પાત્રતા અંગેની માહિતી માટે, [ontario.ca/covidvaccineinfo](ontario.ca/covidvaccineinfo) ની મુલાકાત લો.

## મારે કોવિડ-19 વેક્સીન શા માટે લેવી જોઈએ?

તમારી જાતને, તમારા પ્રિયજનોને અને તમારા સમુદાયને કોવિડ-19 અને તેના વેરિએન્ટ્સને કારણે ગંભીર બીમારી અને હોસ્પિટલમાં દાખલ થવાથી બચાવવા માટે તમે જે કરી શકો છો તે પૈકીની એ સૌથી મહત્ત્વની બાબત છે.

કોવિડ-19 વેક્સીન્સ કોરોનાવાયરસ ચેપનું કારણ નથી. તેઓ વાયરસ સામે પ્રતિરક્ષા વધારવામાં મદદ કરે છે, જેથી તમારું શરીર તેની સામે વધુ સરળતાથી લડી શકે. આ તમને કોવિડ-19 થવાનું જોખમ ઘટાડી શકે છે અથવા જો તમને તે થાય તો તબીબી લક્ષણોને હળવાં કરી શકે છે.

## જ્યારે જાહેર આરોગ્યનાં પગલાં હટાવી લેવામાં આવી રહ્યાં છે ત્યારે મારે શા માટે વેક્સીન લેવી જોઈએ?

જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સલામતીનાં પગલાં હટાવવાં એ સંકેત નથી આપતાં કે કોવિડ-19 જતો રહ્યો છે અથવા રોગચાળો સમાપ્ત થઈ ગયો છે. વેક્સીન લેવી એ કોવિડ-19 સામે સર્વશ્રેષ્ઠ રક્ષણ તરીકે ચાલુ રહે છે અને અમે કરેલી પ્રગતિને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.

કોવિડ-19 વેક્સીનના  તમામ ભલામણ કરેલ ડોઝ મેળવવા એ સૌથી મહત્ત્વની બાબત છે જે તમે તમારી જાતને, તમારા પ્રિયજનોને અને તમારા સમુદાયને કોવિડ-19 અને તેના વેરિએન્ટ્સથી બચાવવા માટે કરી શકો છો. તે તમારા ગંભીર બીમારી, હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડે છે.

## શું કોવિડ-19 બૂસ્ટર ડોઝ જરૂરી છે?

જ્યારે કોવિડ-19 વેક્સીનની પ્રાથમિક શ્રેણી ગંભીર બીમારી અને હોસ્પિટલમાં દાખલ થવા સામે અત્યંત અસરકારક છે, ત્યારે પ્રાથમિક શ્રેણીની કોવિડ-19 વેક્સીન પછી, ખાસ કરીને ચિંતા કરાવે તેવા વેરિએન્ટ્સ સામે, સમય જતાં ઘટે છે, તેના રક્ષણ તરીકે, કોવિડ-19 વેક્સીનના  તમામ ભલામણ કરેલ ડોઝ મેળવીને તમે અદ્યતન રહો તે મહત્વપૂર્ણ છે..

18 વર્ષ અને તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ તેમના બીજા ડોઝ પછી ત્રણ મહિના (84 દિવસ) પ્રથમ બૂસ્ટર ડોઝની એપોઇન્ટમેન્ટ નિયત કરી શકે છે. 12 થી 17 વર્ષની વયના લોકો બીજા ડોઝ પછી છ મહિના (168 દિવસ) પ્રથમ બૂસ્ટર ડોઝ નિયત કરી શકે છે. વધુમાં, અમુક વ્યક્તિઓ બીજા બૂસ્ટર ડોઝ માટે પાત્ર છે. વધુ માહિતી માટે, કૃપા કરીને [ontario.ca/covidvaccineinfo](ontario.ca/covidvaccineinfo) ની મુલાકાત લો

## મને અગાઉ કોવિડ-19 થયો હતો અને હું સાજો થઈ ગયો છું. શું મારે હજુ પણ વેક્સીન લેવાની જરૂર છે?

હા, ગંભીર બીમારી અને હોસ્પિટલમાં દાખલ થવા સામે રક્ષણ વધારવા માટે તમારે હજુ પણ કોવિડ-19 વેક્સીનના  તમામ ભલામણ કરેલ ડોઝ લેવા જોઈએ.

જો તમે કોવિડ-19 થી સાજા થઈ ગયા હોવ તો પણ, તમે રોગપ્રતિકારક થયા નથી અને તમને હજી પણ વાયરસ લાગી શકે છે અને કોઈપણ તબીબી લક્ષણો  દર્શાવતા ન હોવા છતાં ચેપી થઈ શકો છો. નવા વેરિએન્ટ્સના પ્રસાર સાથે, તે મહત્વપૂર્ણ છે કે તમે તમારી કોવિડ-19 વેક્સીન્સ સાથે અદ્યતન રહો.

જો તમને તાજેતરમાં કોવિડ-19 થયો હોય, તો કોવિડ-19 થયા પછી છ મહિના સુધી તમારો આગામી ડોઝ મેળવવા માટે રાહ જોવી શ્રેષ્ઠ રહેશે. તમારી ઉંમર, તમને મળેલા ડોઝની સંખ્યા

અને તમારા સ્વાસ્થ્યની સ્થિતિના આધારે શ્રેષ્ઠ સમય વિશે વધુ માહિતી માટે આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો.

## શું હું આડઅસરો અનુભવીશ?

કોઈપણ વેક્સીન લેવાની જેમ, કેટલાક લોકો હળવી આડઅસરો અને પ્રતિક્રિયાઓનો અનુભવ કરી શકે છે જે વેક્સીન લીધા પછીના થોડા કલાકોથી થોડા દિવસો સુધી ક્યાંય પણ ઓછી થઈ જશે. આ આડઅસરો વેક્સીન લીધા બાદ કોવિડ-19 સામે પ્રતિરક્ષા વધારવાના શરીરના પ્રયાસોનો એક ભાગ છે. સૌથી સામાન્ય આડઅસરોમાં જ્યાં તમને શોટ આપવામાં આવ્યો હોય ત્યાં રંગમાં ફેરફાર (ઉદાહરણ તરીકે, લાલ અથવા જાંબલી), તેમજ દુખાવો અથવા સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો, શરદી અથવા હળવા તાવનો સમાવેશ થાય છે.

જો તમને આડઅસર થઇ હોય જે તમને ચિંતા કરાવતી હોય અથવા થોડા દિવસો પછી તે દૂર થતી જણાતી ન હોય, તો કૃપા કરીને તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તાનો સંપર્ક કરો.

## શું કોવિડ-19 વેક્સીન્સ સુરક્ષિત છે?

હા. હેલ્થ કેનેડા વિશ્વની સૌથી સખત વૈજ્ઞાનિક સમીક્ષા પ્રણાલીઓમાંની એક ધરાવે છે અને જો તે સલામત હોય, કામ કરતી હોય અને ઉચ્ચતમ ઉત્પાદન અને ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરતી હોય તો જ તે વેક્સીનને મંજૂર કરે છે.

ઑન્ટારિયોમાં હેલ્થ કેનેડાએ મંજૂર કરેલી વેક્સીન્સ જ આપવામાં આવે છે.

હેલ્થ કેનેડાની વેબસાઈટ પરથી વેક્સીન્સ વિશે વધુ જાણો.

## શું મારે એવી વેક્સીન્સ વિશે ચિંતા કરવી જોઈએ જે આટલી ઝડપથી વિકસિત થઈ હતી?

ના. હેલ્થ કેનેડાએ મંજૂર કરેલી અને સલામત અને અસરકારક તરીકે નિર્ધારિત કરેલી વેક્સીન્સ જ ઑન્ટેરિયોમાં આપવામાં આવશે.

આ વેક્સીન્સ અન્ય વેક્સીન્સ કરતાં વધુ ઝડપથી વિકસાવવામાં આવી હતી કારણ કે વિશ્વભરમાં આ પ્રયાસમાં રોકાણ કરવામાં આવેલા સહયોગ અને ભંડોળનાં સ્તરો આ પહેલાં ક્યારેય જોવામાં ન આવ્યાં હતાં.

સંશોધકો પણ 10 વર્ષથી વધુ સમયથી mRNA વેક્સીન્સ નો અભ્યાસ અને કામ કરી રહ્યાં છે, તેથી જ mRNA ટેક્નોલૉજીનો ઝડપથી કોવિડ-19 વેક્સીન વિકસાવવા માટે ઉપયોગ કરવામાં સક્ષમ હતાં.

જ્યારે કોવિડ-19 વેક્સીન્સ ઝડપથી વિકસિત કરવામાં આવી હતી, ત્યારે તે સુરક્ષિત અને અસરકારક હોય તે સુનિશ્ચિત કરવા માટે તમામ પગલાં લેવામાં આવ્યાં હતાં.

## વેક્સીનની મંજૂરીની પ્રક્રિયા શું હતી?

વિશ્વભરમાં જબરદસ્ત સંસાધનો કોવિડ-19 વેક્સીન વિકસાવવા માટે મૂકવામાં આવ્યાં હતાં, જેણે વેક્સીનની મંજૂરી પ્રક્રિયાને સુચારુ રૂપે અને અસરકારક રીતે આગળ વધારવામાં મદદ કરી હતી. આમાં હાલના સંશોધન કાર્યક્રમોનું અનુકૂલન, વૈજ્ઞાનિકો અને સરકારો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગ, સમર્પિત ભંડોળમાં વધારો, ક્લિનિકલ ટ્રાયલ સહભાગીઓની ઝડપી ભરતી અને વેક્સીનની અસરકારકતા દર્શાવવા માટે ક્લિનિકલ ટ્રાયલ્સનું ઝડપી વ્યવસ્થાતંત્ર સામેલ છે. કેનેડાના શ્રેષ્ઠ સ્વતંત્ર વૈજ્ઞાનિકોએ વેક્સીન્સ કેનેડિયનો માટે સલામત અને અસરકારક તરીકે મંજૂર કરતાં પહેલાં તમામ ડેટાની સંપૂર્ણ સમીક્ષા કરી હતી. આ વેક્સીન્સને મંજૂર કરવામાં સલામતીનાં તમામ પગલાંનું પાલન કરવામાં આવ્યું હતું.

હેલ્થ કેનેડાની વેબસાઇટ પરથી સમીક્ષા અને અધિકૃતતાની પ્રક્રિયા વિશે વધુ જાણો.

## આ વેક્સીનની લાંબા ગાળાની આડઅસરો શું છે?

વેક્સીનની લાંબા ગાળાની આડઅસરોના ચાલુ અભ્યાસો દર્શાવે છે કે આજની તારીખમાં કોઈ ગંભીર આડઅસર મળી નથી. અભ્યાસમાં વેક્સીન મેળવનાર લોકો પર કોઈપણ લાંબા ગાળાની આડઅસર અંગે દેખરેખ રાખવામાં આવે છે.

ઇમ્યુનાઇઝેશન પછીની પ્રતિકૂળ ઘટનાઓ (AEFIs) વિશે વધુ માહિતી માટે અથવા AEFI નો રિપોર્ટ કરવા માટે, પબ્લિક હેલ્થ ઑન્ટારિયોના વેક્સીન સલામતી વેબ પેજ ની મુલાકાત લો.

## શું બીજા ડોઝ અથવા બૂસ્ટર ડોઝની આડઅસર પ્રથમ કરતાં વધુ ખરાબ છે?

કેટલાક લોકો વેક્સીનના બીજા ડોઝ પછી વધુ મજબૂત આડઅસર અનુભવી શકે છે. કારણ કે આડઅસરો એ તમારી રોગપ્રતિકારક શક્તિના નિર્માણના રક્ષણનું પરિણામ છે, એકવાર તમારી રોગપ્રતિકારક શક્તિને પ્રથમ ડોઝ સાથે તૈયાર કરવામાં આવે છે, પછી બીજા ડોઝ માટે વધુ મજબૂત રોગપ્રતિકારક પ્રતિક્રિયા હોય છે. આ એક સારી બાબત છે અને સૂચવે છે કે વેક્સીન તેનું કામ કરી રહી છે!

બૂસ્ટર ડોઝ મેળવ્યા પછીની આડ અસરો પ્રથમ અને બીજા ડોઝ પછીની આડઅસરો જેવી જ હોય છે. સામાન્ય આડઅસર વેક્સીન લીધાના થોડા કલાકો અથવા થોડા દિવસો સુધી રહી શકે છે અને જ્યાં તમને શોટ આપવામાં આવ્યો હોય ત્યાં રંગમાં ફેરફાર (ઉદાહરણ તરીકે, લાલ અથવા જાંબુડિયા), તેમજ દુખાવો અથવા સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ અને સાંધામાં દુખાવો, શરદી અથવા હળવો તાવ સામેલ હોઈ શકે છે.

## શું રસીથી મને કોવિડ-19 થઈ શકે છે?

ના, તમે રસીથી કોવિડ-19 અથવા અન્ય કોઈ ચેપી રોગ મેળવી શકતા નથી. હેલ્થ કેનેડા દ્વારા મંજૂર કરાયેલી કોઈપણ વેક્સીન જીવંત વેક્સીન નથી, એટલે કે તેમાં કોવિડ-19 નું કારણ બને તેવા વાયરસ નથી.

## શું મને વેક્સીન લીધા પછી પણ કોવિડ-19 નો ચેપ લાગી શકે?

વેક્સીન કોવિડ-19 ના સંક્રમણના જોખમને ઘટાડે છે, પરંતુ અન્ય વેક્સીન લીધા પછી બનતું હોય છે તેમ, તમે ચેપના જોખમને, ખાસ કરીને આ વાયરસના ચાલુ સમુદાય સંક્રમણના સમયમાં, સંપૂર્ણપણે દૂર કરી શકતા નથી.

વેક્સીન લેવાથી ગંભીર માંદગી, હોસ્પિટલમાં દાખલ થવાનું અને મૃત્યુ થવાનું જોખમ નોંધપાત્ર રીતે ઘટે છે અને તમારી જાતને અને તમારી આસપાસના લોકોને કોવિડ-19ને કારણે ગંભીર બીમારીથી બચાવવાનો એ શ્રેષ્ઠ માર્ગ છે.

## શું કોવિડ-19 વેક્સીન મારી પ્રજનન ક્ષમતાને અસર કરશે? જો હું હવે ગર્ભવતી હોઉં તો શું?

હાલમાં એવા કોઈ પુરાવા નથી કે કોવિડ-19 વેક્સીન્સ વંધ્યત્વનું કારણ બને છે.

હકીકતમાં તો, તમે ગર્ભ ધારણ કરો તે પહેલાં અથવા તમે ગર્ભવતી હોવ ત્યારે કોવિડ-19 વેક્સીનના  તમામ ભલામણ કરેલ ડોઝ લેવાથી તમે અને તમારું ભાવિ બાળક ગર્ભાવસ્થામાં કોવિડ-19 ના જોખમથી સુરક્ષિત રહેશો.

## જેઓ સગર્ભા છે, સ્તનપાન કરાવે છે અથવા ગર્ભ ધારણ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે તેમના માટે શું કોવિડ-19 વેક્સીન સુરક્ષિત છે?

હા. તમે ગર્ભવતી બનતા પહેલાં અથવા ગર્ભાવસ્થાના કોઈપણ ત્રિમાસિકમાં સુરક્ષિત રીતે કોવિડ-19 વેક્સીન મેળવી શકો છો. જ્યારે તમે ગર્ભવતી હો, સ્તનપાન કરાવતાં હોવ અથવા ગર્ભ ધારણ કરવાનો પ્રયાસ કરી રહ્યાં હોવ ત્યારે કોવિડ-19 વેક્સીન મેળવવી એ સલામત, અસરકારક અને પ્રોવિન્સિયલ કાઉન્સીલ ફોર મેટરનલ એન્ડ ચાઇલ્ડ હેલ્થ (PCMCH), ઑન્ટારિયો સોસાયટી ઑફ ઑબ્સ્ટેટ્રિશિયન્સ એન્ડ ગાયનેકોલોજિસ્ટ્સ (OSOG), સોસાયટી ઑફ ઑબ્સ્ટેટ્રિશિયન્સ, કેનેડાના ગાયનેકોલોજિસ્ટ્સ (SOGC), નેશનલ એડવાઈઝરી કમિટી ઓન ઈમ્યુનાઈઝેશન (NACI) અને અન્ય ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

સગર્ભાવસ્થામાં સંભવિત ગૂંચવણોને રોકવા માટે વેક્સીન લેવાના જોખમો કરતાં ફાયદા ઘણા વધારે છે. તમે સગર્ભા હો ત્યારે જો તમને કોવિડ-19 થાય, તો તમને કોવિડ-19 પોઝિટિવ લોકોની સરખામણીમાં હોસ્પિટલમાં દાખલ થવાનું, સઘન સંભાળ એકમમાં દાખલ થવાનું અને જીવન ટકાવવાની સહાયતા લેવાનું જોખમ વધારે હોય છે.

વેક્સીન તમને માત્ર કોવિડ-19 ચેપથી બચાવશે એટલું જ નહીં, પરંતુ તે સગર્ભાવસ્થામાં કોવિડ-19 ચેપને લગતી ગંભીર બીમારી અને જટિલતાઓનું જોખમ પણ ઘટાડશે. અભ્યાસો સૂચવે છે કે વેક્સીન લીધા પછી તમારા શરીરમાં જે એન્ટિબોડીઝ વિકસે છે તે પ્લેસેન્ટા અને/અથવા તમારા સ્તનના દૂધ દ્વારા તમારા બાળકને પસાર થશે, જે ફક્ત તમને જ નહીં, પણ તમારા બાળકને પણ જન્મ પછી કોવિડ-19 સામે વધુ સુરક્ષા પ્રદાન કરી શકે છે.

વધુ માહિતી માટે, ontario.ca/covidvaccinepregnancy ની મુલાકાત લો.

## મારા બાળકને શા માટે વેક્સીન અપાવવી જોઈએ? શું બાળકો માટે કોવિડ-19 હળવો નથી હોતો?

કોવિડ-19 થી ચેપગ્રસ્ત બાળકો સામાન્ય રીતે હળવાં તબીબી લક્ષણોનો અનુભવ કરે છે, જ્યારે કેટલાંક ખૂબ બીમાર થઈ શકે છે, પરિણામે હોસ્પિટલમાં દાખલ થઈ શકે છે, આઈસીયુમાં દાખલ થઈ શકે છે અથવા મૃત્યુ પણ પામી શકે છે. અન્ય ગંભીર અને લાંબા સમય સુધી ટકી રહેલાં તબીબી લક્ષણો (એટલે કે, લાંબા સમય સુધી કોવિડ-19, પોસ્ટ-એક્યુટ કોવિડ-19 સિન્ડ્રોમ)નો અનુભવ કરી શકે છે. આ ખાસ કરીને એવાં બાળકો માટે સાચું છે કે જેઓ નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતાં હોય અથવા જેમની મૂળભૂત રીતે સ્વાસ્થ્યની નબળી સ્થિતિ હોય.

બાળકો અને યુવાનોને વેક્સીન આપવાથી ગંભીર બીમારી, હોસ્પિટલમાં દાખલ થવા અને વાયરસથી થતા મૃત્યુ સામે મજબૂત સ્તરનું રક્ષણ પૂરું પાડશે. વેક્સીન આપવાથી પરિવારના અન્ય સભ્યો, જેમ કે જેઓ હજુ સુધી વેક્સીન મેળવી શક્યા નથી અથવા વધુ સંવેદનશીલ વૃદ્ધ વ્યક્તિઓને, પણ સુરક્ષિત કરવામાં મદદ કરે છે,.

હેલ્થ કેનેડાએ પાંચ વર્ષ અને તેથી વધુ વયના બાળકોમાં ઉપયોગ માટે ફાઈઝર વેક્સીન અને છ વર્ષ અને તેથી વધુ વયના બાળકોમાં ઉપયોગ માટે મોડર્ના વેક્સીન અધિકૃત કરી છે.

પાંચ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકોને Pfizer કોવિડ-19 વેક્સીન મેળવવાની ભલામણ કરવામાં આવે છે. માહિતગાર સંમતિ સાથે, જેમાં માયોકાર્ડિટિસ/પેરીકાર્ડિટિસનાં વધતાં સંભવિત જોખમની જાગૃતિનો સમાવેશ થવો જોઈએ, છ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકો મોડર્ના કોવિડ-19 વેક્સીન મેળવી શકે છે.

કેનેડા અને અમેરિકામાં લાખો બાળકોને કોવિડ-19 વેક્સીન મળી છે અને એકંદરે સલામતી સંબંધિત કોઈ સંકેતો જોવા મળ્યા નથી.

અન્ય રોગોની વેક્સીન્સની જેમ, તમારું બાળક જ્યારે અપ-ટૂ-ડેટ રહે છે ત્યારે શ્રેષ્ઠ રીતે સુરક્ષિત રહે છે. વધુ માહિતી માટે, ontario.ca/covidvaccinekids ની મુલાકાત લો.

## શું રસીમાં માઇક્રોચીપ હોય છે?

ના.

## કોવિડ-19 વેક્સીન ફ્લૂની વેક્સીન કરતાં કેવી રીતે અલગ છે?

કોવિડ-19 વેક્સીન અને ફ્લૂની વેક્સીન ખૂબ જ અલગ છે અને તેની સીધેસીધી સરખામણી કરી શકાતી નથી. તેઓ વિવિધ વાયરસને લક્ષ્ય બનાવે છે; ફ્લૂની વેક્સીન ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસની અનેક જાતોને એકસાથે લક્ષ્ય બનાવે છે, જ્યારે કોવિડ-19 વેક્સીન માત્ર એક વાયરસ, SARS-CoV-2ને લક્ષ્ય બનાવે છે.

ફ્લૂની વેક્સીન અને કોવિડ-19 વેક્સીન બંને લેવી મહત્વપૂર્ણ છે કારણ કે તે અલગ અલગ વાયરસ સામે રક્ષણ આપે છે. તમારી કોવિડ-19 વેક્સીનની જેમ જ તમારા ફ્લૂનો શૉટ અથવા બીજી વેક્સીન લેવાનું સલામત છે. તમારી કોવિડ-19 વેક્સીન પહેલાં કે પછી 14-દિવસની રાહ જોવાની જરૂર નથી.

## જો મારી પાસે ઑન્ટારિયો હેલ્થ ઈન્સ્યોરન્સ પ્લાન (OHIP) કાર્ડ ન હોય તો શું હું વેક્સીન માટે પાત્ર છું?

એવા કોઈપણ જે ઑન્ટેરિયોમાં રહે છે, અભ્યાસ કરે છે અથવા કામ કરે છે અથવા ઑન્ટેરિયોની મુલાકાત લે છે તે નાગરિકત્વ અથવા ઇમિગ્રેશન સ્ટેટસને ધ્યાનમાં લીધા વિના નિઃશુલ્ક વેક્સીન મેળવવા માટે પાત્ર છે.

વેક્સીન મેળવવા માટે તમારે ઑન્ટેરિયો હેલ્થ કાર્ડની જરૂર નથી. તમે તમારા નામ અને જન્મતારીખને સમર્થન આપવા માટે ફોટો આઇડેન્ટિફિકેશન ડોક્યુમેન્ટ (ID)ના અન્ય સ્વરૂપનો ઉપયોગ કરી શકો છો, અથવા ID ના સંયોજન, જેમ કે ડ્રાઇવિંગ લાયસન્સ, પાસપોર્ટ, રજિસ્ટર્ડ મેઇલનો ટુકડો, પે સ્ટબ, વિદ્યાર્થી કાર્ડ, અન્ય અધિકારક્ષેત્રોમાંથી સરકાર દ્વારા જારી કરાયેલ ઓળખ. આમાં વિદેશી અને નિવૃત્ત સરકારી દસ્તાવેજો સામેલ હોઈ શકે છે.

જો તમારી પાસે હેલ્થ કાર્ડ ન હોય અને તમારું જાહેર આરોગ્ય એકમ પ્રોવિન્સિયલ વેક્સીન કોન્ટેક્ટ સેન્ટર (PVCC) નો ઉપયોગ કરતું હોય, તો તમે તમારી એપોઇન્ટમેન્ટ બુક કરવા માટે PVCC ને 1-833-943-3900 પર ફોન કરી શકો છો. તમને વેક્સીનની એપોઇન્ટમેન્ટ વખતે ફોટો ઓળખનું ફોર્મ આપવાનું કહેવામાં આવશે.

તમે વેક્સીન લીધા માટેની તમારી યોગ્યતાની પુષ્ટિ કરવા અને એપોઇન્ટમેન્ટ બુક કરવામાં તમારી મદદ કરવા માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમનો પણ સંપર્ક કરી શકો છો. સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અને સંપર્ક નંબર શોધવા માટે, Ontario.ca/publichealth ની મુલાકાત લો.

## શું રક્તદાન કરવાથી કોવિડ-19 વેક્સીનની અસરકારકતા ઘટી જશે?

ના, ઉપલબ્ધ સંશોધનમાં એવું કોઈ સૂચન કે પુરાવા નથી કે રક્તદાન કરવાથી કોવિડ-19 વેક્સીનની અસરકારકતા ઘટશે.

દાન કરવાથી શરીરમાંથી વેક્સીન દૂર થતી નથી અને વેક્સીનના પ્રતિભાવમાં શરીરમાં બનેલ મહત્વપૂર્ણ રોગપ્રતિકારક લડાઈની કોશિકાઓ અને એન્ટિબોડીઝમાં ઘટાડો થતો નથી. વધુ માહિતી માટે, કૃપા કરીને કેનેડિયન બ્લડ સર્વિસિસની મુલાકાત લો.

## જો હું મારા નિયમિત વેક્સીન લીધા સમયપત્રકમાં પાછળ હોઉં તો શું? શું હું હજી પણ કોવિડ-19 વેક્સીન મેળવી શકું?

હા. જેઓ તેમની વેક્સીન લેવામાં પાછળ છે તેઓને પણ અદ્યતન થવા તેમના આરોગ્ય સંભાળ કાર્યકર્તાનો સંપર્ક કરવા અમે પ્રોત્સાહિત કરીએ છીએ.

## વિકલાંગતા અથવા સુલભતાની ચિંતા ધરાવતા લોકો માટે કયા સંસાધનો ઉપલબ્ધ છે?

વેક્સીન લીધા સાઇટ્સ સુલભ ગ્રાહક સેવા પ્રદાન કરવા અને અપંગ લોકો સાથે સુલભ રીતે વાતચીત કરવા અપેક્ષિત છે. વધુમાં, નીચેનાં સંસાધનો ઉપલબ્ધ છે:

- ConnectABILITY.ca કોવિડ-19 વેક્સીન્સ, સંભાળ રાખનારાઓ માટે સંસાધનો અને સહાયતાઓ, વિશ્વસનીય સ્રોતોમાંથી વિડિયો અને વધુ વિશે માહિતી માટે.
- વિકાસલક્ષી અથવા બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા તમારા બાળકને/આશ્રિતને વેક્સીન અપાવવા હેલ્થ કેર એક્સેસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટલ ડિસેબિલિટીઝ વેબસાઇટ (www.hcarddcovid.com/info) અને (વેક્સીનની સાઇટ પર રહેવાની સગવડ, ઘરે મુલાકાત લેવાના વિકલ્પો, સોય ઘોચાવવાના ભય વગેરે) વિશેની માહિતી માટે vaccinesupport.ca.
- ઑન્ટારિયો કોમ્યુનિટી સપોર્ટ એસોસિએશન(www.ontariocommunitysupport.ca) ઍક્સેસિબલ ડ્રાઇવ-ટુ-વેક્સિન્સ પ્રોગ્રામ વિશે માહિતી માટે કે જે વિકલાંગ લોકો, જેમાં ગતિશીલતાની સમસ્યાવાળા વરિષ્ઠ લોકોનો સમાવેશ થાય છે, જેઓ સલામત પરિવહન સુલભ કરવામાં પડકારોનો સામનો કરે છે તેમને માટે વેક્સીન લીધાના સ્થળની ઘરે-ઘરે રાઇડ્સ પૂરી પાડે છે.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

વેક્સીનની માહિતી અને પાત્રતા, એપોઇન્ટમેન્ટ કેવી રીતે બુક કરવી, શું અપેક્ષા રાખવી અને વધુ સહિત ઑન્ટારિયોમાં કોવિડ-19 વેક્સીન્સ  વિશે વધુ જાણવા Ontario.ca/covidvaccine ની મુલાકાત લો. તમે અનુભવી એજન્ટ અથવા આરોગ્ય નિષ્ણાત સાથે 1-833-943-3900 પર વાત કરવા માટે પ્રોવિન્સિયલ વેક્સીન કોન્ટેક્ટ સેન્ટર (PVCC) નો પણ સંપર્ક કરી શકો છો (બહેરા, સાંભળવામાં-ક્ષતિ ધરાવતા અથવા બોલવામાં-ક્ષતિ ધરાવતા લોકો માટે TTY: 1-866-797-0007), અઠવાડિયાના સાતેય દિવસ સવારે 8:00 વાગ્યાથી થી રાતના 8:00 સુધી 300 થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ હોય છે.

બાળકો, યુવાનો અને જેઓ સગર્ભા છે, સ્તનપાન કરાવે છે અથવા ગર્ભ ધારણ કરવાની યોજના ધરાવે છે તેમના માટે કોવિડ-19 વેક્સીન વિશેના પ્રશ્નો માટે, sickkids.ca/vaccineconsult દ્વારા SickKids પીડિયાટ્રિક રજિસ્ટર્ડ નર્સ સાથે ગોપનીય ફોન એપોઇન્ટમેન્ટ બુક કરવા માટે SickKids કોવિડ-19 વેક્સિન કન્સલ્ટ સર્વિસનો અથવા 1-888-304-6558નો સંપર્ક કરો. આ સેવા ફોન પર ભાષાના ઇન્ટરપ્રિટેશનનો ઉપયોગ કરીને બહુવિધ ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

અથવા, કોવિડ-19 વેક્સીન્સ  વિશે સુમાહિતગાર નિર્ણય લેવા માટે જરૂરી તથ્યો મેળવવા માટે લાયકાત ધરાવતા SHN ડૉક્ટર સાથે એકમેકના ફોન પરામર્શ માટે Scarborough Health Network (SHN) VaxFacts Clinic પર ફોન  કરો. shn.ca/vaxfacts દ્વારા એપોઇન્ટમેન્ટ બુક કરો અથવા 416-438-2911 એક્સટેન્શન 5738 પર ફોન કરો. એપોઇન્ટમેન્ટ્સ અઠવાડિયાના સાતેય દિવસ, 200થી વધુ ભાષાઓમાં, સવારે 9 વાગ્યાથી રાતના 8 સુધી ઉપલબ્ધ હોય છે.

Catalogue No. (300941) ISBN No. 978-1-4868-6065-4. PDF May 2022 © Queen's Printer for Ontario 2022.

Ontario